BRAMPTON Flower City brampton.ca

Service and Information Update

11 એપ્રિલ 2018

# ફટાકડાના વેચાણકર્તાઓ માટે વાર્ષિક અગ્નિ સુરક્ષા કોર્સ એપ્રિલ 18 અને 26

બ્રૅમ્પ્ટન, ON – સમુદાયને સુરક્ષિત રાખવાના પ્રયાસરૂપે સીટી ઓફ઼ બ્રૅમ્પ્ટન આ મહિને ફટાકડાના વેચાણકર્તાઓ માટે બે અગ્નિ સુરક્ષા કોર્સનું આયોજન કરશે. એપ્રિલ 18 અને બુધવારે તથા એપ્રિલ 26 અને ગુરૂવારે સાંજે 6 વાગ્યે ફાયર સેફ્ટી એજ્યુકેશન સેંટર, 225 સેંટ્રલ પાર્ક ડ્રાઇવ ખાતે ગોઠવાયેલ હોવાથી જરૂરી છે કે જો તેઓ વિક્ટોરિયા ડે અથવા કૅનેડા ડે માટે ફટાકડા વેચવાનું આયોજન ધરાવતા હોય વેચાણકર્તાઓએ આ પૈકી એક સત્રમાં હાજરી આપવાની રહેશે. જો વેચાણકર્તાઓને દિવાળી માટે ફટાકડા વેચવાની ઈચ્છા હોય તો સપ્ટેમ્બરમાં વધારાના કોર્સ અનુસૂચિત છે.

905.874.2740 પર કૉલ કરીને અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. કિંમત $100 છે.

બહુવિધ સ્થળ ધરાવતા વેચાણકર્તાઓ માટે, પ્રત્યેક સ્થળ પરથી ઓછામાં ઓછા એક પ્રચાલકે કોર્સ પૂર્ણ કરવો જરૂરી છે.

સીટી દ્વારા આ ફરજિયાત કોર્સ 2017માં શરૂ કરવામાં આવ્યો હતો. ફટાકડા અને લાયસન્સિંગ અંગેના નવા ઉપનિયમોને કાઉન્સિલ દ્વારા 2016માં મંજૂરી આપવામાં આવી હતી. વિક્ટોરિયા ડે, કૅનેડા ડે, દિવાળી અને નવા વર્ષની પૂર્વ સંધ્યા પર પરમીટની જરૂરિયાત વિના તમામ બ્રૅમ્પ્ટનની રહેઠાણ ધરાવતી મિલકતો પર ટૂંકી રેન્જના ફટાકડાના ઉપયોગને ઉપનિયમો મંજૂર કરે છે. સુરક્ષા ટોચની અગ્રિમતા ધરાવે છે, કારણકે ઉપનિયમ એવા અન્ય પ્રકારના ફટાકડા પર પણ પ્રતિબંધ ફરમાવે છે જે મિલકતને નુકસાન અથવા ઈજા પહોંચાડવાનું ઉચ્ચ જોખમ ધરાવતા હોય.

વિક્ટોરિયા ડે અને કૅનેડા ડે પર ફટાકડા વેચવા માટે લાયસન્સ ધરાવતા વેચાણકર્તાઓની યાદી ઉપરની રજાઓની નજીક સીટીની વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવશે.

**ક્વિક લિંક્સ:**

- ફટાકડાની સુરક્ષા વિષયક વિડિયો
- ફટાકડા વિષે વારંવાર પૂછાતા પ્રશ્નો

-30-


**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
નાટાલી સ્ટોગડિલ (Natalie Stogdill)
મીડિયા કોર્ડિનેટર (Media Coordinator)
સીટી ઓફ઼ બ્રામ્પટન (City of Brampton)
905.874.3654 | natalie.stogdill@brampton.ca